Extra No. 78

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **TUESDAY, MARCH 17, 2026 / PHALGUNA 26, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી માર્ચ, ૨૦૨૬

તારીખ: ૧૭મી માર્ચ, ૨૦૨૬ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૬ના ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૬નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

પરિમલ જોષી,

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટસમેન.

GUJARAT BILL NO. 16 OF 2026.

GUJARAT APPROPRIATION (EXCESS EXPENDITURE) BILL, 2026.

A BILL

to authorize payment and appropriation of certain further sums from and out of the Consolidated Fund of the State of Gujarat for the services of the financial years ending on the thirty-first day of March, 2012, thirty-first day of March, 2015, thirty-first day of March, 2016 and thirty-first day of March, 2019.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે:-

સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૬.

ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક, ૨૦૨૬

સન ૨૦૧૨ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે, સન ૨૦૧૫ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે, સન ૨૦૧૬ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે અને સન ૨૦૧૯ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સિત્યોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. આ અધિનિયમ ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) અધિનિયમ, ૨૦૨૬ કહેવાશે. — **ટૂંકી સંજ્ઞા.**

૨. આ સાથે જોડેલી અનુસૂચિ ૧ના કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી રકમોથી વધુ ન હોય તેટલી એકંદરે રૂપિયા છ સો સાઠ કરોડ, બાસઠ લાખ, પાંત્રીસ હજારની રકમ, અનુસૂચિ ૧ના કોલમ ૨ માં નિર્દિષ્ટ કરેલી સેવાઓ અને હેતુઓના સંબંધમાં, સન ૨૦૧૨ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષ દરમિયાન જે જુદા જુદા ખર્ચ આપવાના થશે તે પેટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી આપવામાં આવશે અને ઉપયોગમાં લેવામાં આવશે. — **સન ૨૦૧૧-૨૦૧૨ના નાણાકીય વર્ષ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી ₹ ૬,૬૦,૬૨,૩૫,૦૦૦ આપવા બાબત.**

૩. આ સાથે જોડેલી અનુસૂચિ ૨ના કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી રકમોથી વધુ ન હોય તેટલી એકંદરે રૂપિયા એકસો ચુંમાળીસ કરોડ, ચુંમાળીસ લાખ, તોતેર હજારની રકમ, અનુસૂચિ ૨ના કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલી સેવાઓ અને હેતુઓના સંબંધમાં, સન ૨૦૧૫ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષ દરમિયાન જે જુદા જુદા ખર્ચ આપવાના થશે તે પેટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી આપવામાં આવશે અને ઉપયોગમાં લેવામાં આવશે. — **સન ૨૦૧૪-૨૦૧૫ના નાણાકીય વર્ષ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી ₹ ૧,૪૪,૪૪,૭૩,૦૦૦ આપવા બાબત.**

૪. આ સાથે જોડેલી અનુસૂચિ ૩ના કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી રકમોથી વધુ ન હોય તેટલી એકંદરે રૂપિયા બસો નવ્વાણું કરોડ, નવ લાખ, ત્રેપન હજારની રકમ, અનુસૂચિ ૩ના કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલી સેવાઓ અને હેતુઓના સંબંધમાં, સન ૨૦૧૬ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષ દરમિયાન જે જુદા જુદા ખર્ચ આપવાના થશે તે પેટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી આપવામાં આવશે અને ઉપયોગમાં લેવામાં આવશે. — **સન ૨૦૧૫-૨૦૧૬ના નાણાકીય વર્ષ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી ₹ ૨,૯૯,૦૯,૫૩,૦૦૦ આપવા બાબત.**

૫. આ સાથે જોડેલી અનુસૂચિ ૪ના કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી રકમોથી વધુ ન હોય તેટલી એકંદરે રૂપિયા ત્રેવીસો ચોરાણું કરોડ, ચોવીસ લાખ, તેત્રીસ હજારની રકમ, અનુસૂચિ ૪ના કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલી સેવાઓ અને હેતુઓના સંબંધમાં, સન ૨૦૧૯ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષ દરમિયાન જે જુદા જુદા ખર્ચ આપવાના થશે તે પેટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી આપવામાં આવશે અને ઉપયોગમાં લેવામાં આવશે. — **સન ૨૦૧૮-૨૦૧૯ના નાણાકીય વર્ષ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી ₹ ૨૩,૯૪,૨૪,૩૩,૦૦૦ આપવા બાબત.**

વિનિયોગ. ૬. આ અધિનિયમથી ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી જે રકમો આપવા અને તેનો ઉપયોગ કરવા માટે અધિકાર આપવામાં આવ્યો હોય તે રકમોનો વિનિયોગ, સન ૨૦૧૨ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે, સન ૨૦૧૫ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે, સન ૨૦૧૬ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે અને સન ૨૦૧૯ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષના સંબંધમાં અનુક્રમે અનુસૂચિ ૧, અનુસૂચિ ૨, અનુસૂચિ ૩ અને અનુસૂચિ ૪માં જણાવેલી સેવાઓ અને હેતુઓ માટે કર્યો હોવાનું ગણાશે.

અનુસૂચિ ૧

(જુઓ કલમો ૨ અને ૬)

વધારાની માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ	મહેસૂલ / મૂડી	વધુમાં વધુ રકમ (₹ હજારમાં)		
			વધારાની માંગણી (મંજૂર કર્યા પ્રમાણે)	વધારાનો વિનિયોગ (ઉધારેલી)	કુલ
			₹	₹	₹
૧	૨	૩	૪		
૧૦	શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૩,૨૪	--	૧૩,૨૪
૧૮	પેન્શન અને બીજા નિવૃત્તિ લાભો	મહેસૂલ	૧,૬૦,૪૬,૬૪	--	૧,૬૦,૪૬,૬૪
૨૦	નાણાની ચુકવણી અને તેની સેવાઓ	મૂડી	--	૪,૭૧,૧૦,૭૨	૪,૭૧,૧૦,૭૨
૨૬	વન	મહેસૂલ	--	૧૧	૧૧
૫૧	પ્રવાસન	મહેસૂલ	૧૧,૬૦,૦૦	--	૧૧,૬૦,૦૦
૮૧	વળતર અને સોંપણી	મૂડી	--	૧૭	૧૭
૮૨	મહેસૂલ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૭,૨૩,૭૬	--	૭,૨૩,૭૬
૮૬	માર્ગો અને પુલો	મહેસૂલ	૯,૬૪,૫૨	--	૯,૬૪,૫૨
૮૭	ગુજરાત પાટનગર બાંધકામ યોજના	મૂડી	૪,૦૯	--	૪,૦૯
૯૬	આદિજાતિ વિસ્તાર પેટા-યોજના	મહેસૂલ	--	૩૬,૮૧	૩૬,૮૧
		મૂડી	--	૨,૨૯	૨,૨૯
	કુલ :-	મહેસૂલ	૧,૮૯,૦૮,૧૬	૩૬,૯૨	૧,૮૯,૪૫,૦૮
		મૂડી	૪,૦૯	૪,૭૧,૧૩,૧૮	૪,૭૧,૧૭,૨૭
	કુલ સરવાળો:		૧,૮૯,૧૨,૨૫	૪,૭૧,૫૦,૧૦	૬,૬૦,૬૨,૩૫

અનુસૂચિ ૨

(જુઓ કલમો ૩ અને ૬)

વધારાની માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ	મહેસૂલ / મૂડી	વધુમાં વધુ રકમ (₹ હજારમાં)		
			વધારાની માંગણી (મંજૂર કર્યા પ્રમાણે)	વધારાનો વિનિયોગ (ઉધારેલી)	કુલ
			₹	₹	₹
૧	૨	૩	૪		
૧૯	નાણા વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	--	૬૦	૬૦
૨૬	વન	મૂડી	૮૪,૮૩,૫૭	--	૮૪,૮૩,૫૭
૪૩	પોલીસ	મહેસૂલ	--	૩૩	૩૩
૭૩	પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨૦,૨૯,૪૭		૨૦,૨૯,૪૭
૮૧	વળતર અને સોંપણી	મહેસૂલ	--	૪૬,૭૬	૪૬,૭૬
૮૫	રહેણાક મકાનો	મહેસૂલ	૩૮,૭૬,૫૧	--	૩૮,૭૬,૫૧
૮૮	માર્ગ અને મકાન વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૭,૪૯	--	૭,૪૯
	કુલ :-	મહેસૂલ	૫૯,૧૩,૪૭	૪૭,૬૯	૫૯,૬૧,૧૬
		મૂડી	૮૪,૮૩,૫૭	૦	૮૪,૮૩,૫૭
	કુલ સરવાળો:		૧,૪૩,૯૭,૦૪	૪૭,૬૯	૧,૪૪,૪૪,૭૩

અનુસૂચિ ૩

(જુઓ કલમો ૪ અને ૬)

વધારાની માંગણી / વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ	મહેસૂલ / મૂડી	વધુમાં વધુ રકમ (₹ હજારમાં)		
			વધારાની માંગણી (મંજૂર કર્યા પ્રમાણે)	વધારાનો વિનિયોગ (ઉધારેલી)	કુલ
			₹	₹	₹
૧	૨	૩	૪		
૨૦	નાણા વિભાગ અને તેની સેવાને લગતું દેવું ભરપાઇ કરવા બાબત	મૂડી	--	૨,૬૬,૭૬,૦૪	૨,૬૬,૭૬,૦૪
૨૬	વન	મહેસૂલ	--	૭૧,૨૯	૭૧,૨૯
૩૯	તબીબી અને જાહેર આરોગ્ય	મહેસૂલ		૯,૩૨	૯,૩૨
૭૩	પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૩૧,૫૨,૮૮	--	૩૧,૫૨,૮૮
	કુલ :-	મહેસૂલ	૩૧,૫૨,૮૮	૮૦,૬૧	૩૨,૩૩,૪૯
		મૂડી	-	૨,૬૬,૭૬,૦૪	૨,૬૬,૭૬,૦૪
	કુલ સરવાળો:		૩૧,૫૨,૮૮	૨,૬૭,૫૬,૬૫	૨,૯૯,૦૯,૫૩

અનુસૂચિ ૪

(જુઓ કલમો ૫ અને ૬)

વધારાની માંગણી / વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ	મહેસૂલ / મૂડી	વધુમાં વધુ રકમ (₹ હજારમાં)		
			વધારાની માંગણી (મંજૂર કર્યા પ્રમાણે)	વધારાનો વિનિયોગ (ઉધારેલી)	કુલ
			₹	₹	₹
૧	૨	૩	૪		
૯	શિક્ષણ	મહેસૂલ	૧૪,૩૪,૧૧,૭૧	--	૧૪,૩૪,૧૧,૭૧
૧૩	વીજળી પરિયોજના	મહેસૂલ	૨૮,૯૪,૪૨	--	૨૮,૯૪,૪૨
૧૮	પેન્શન અને બીજા નિવૃત્તિ લાભો	મહેસૂલ	--	૨,૦૫,૯૨	૨,૦૫,૯૨
૭૩	પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૭,૬૦,૭૭,૦૭	--	૭,૬૦,૭૭,૦૭
૮૬	માર્ગો અને પુલો	મહેસૂલ	૧,૬૮,૩૫,૨૧	--	૧,૬૮,૩૫,૨૧
	કુલ :-	મહેસૂલ	૨૩,૯૨,૧૮,૪૧	૨,૦૫,૯૨	૨૩,૯૪,૨૪,૩૩
		મૂડી	૦	૦	૦
	કુલ સરવાળો:		૨૩,૯૨,૧૮,૪૧	૨,૦૫,૯૨	૨૩,૯૪,૨૪,૩૩

ઉદ્દેશો અને કારણો

આ વિધેયક, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૦૪ સાથે વાંચતા, તેના અનુચ્છેદ ૨૦૫ અનુસાર, ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક સેવાઓ અને હેતુઓ અંગે થયેલ વધારાના ખર્ચને પહોંચી વળવા માટે જોઈતા નાણાના વિનિયોગ અર્થે જોગવાઈ કરવા માટે, દાખલ કરવામાં આવે છે.

(૧) સન ૨૦૧૨ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષ દરમિયાન.

આ રકમો નીચે દર્શાવેલી છે :-	₹
(ક) મહેસૂલ હિસાબ...	૧,૮૯,૪૫,૦૮,૦૦૦/-
(ખ) મૂડી હિસાબ...	૪,૭૧,૧૭,૨૭,૦૦૦/-
કુલ:-	**૬,૬૦,૬૨,૩૫,૦૦૦/-**

(૨) સન ૨૦૧૫ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષ દરમિયાન.

આ રકમો નીચે દર્શાવેલી છે:-	₹
(ક) મહેસૂલ હિસાબ...	૫૯,૬૧,૧૬,૦૦૦/-
(ખ) મૂડી હિસાબ...	૮૪,૮૩,૫૭,૦૦૦/-
કુલ:-	**૧,૪૪,૪૪,૭૩,૦૦૦/-**

(૩) સન ૨૦૧૬ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષ દરમિયાન.

આ રકમો નીચે દર્શાવેલી છે:-	₹
(ક) મહેસૂલ હિસાબ...	૩૨,૩૩,૪૯,૦૦૦/-
(ખ) મૂડી હિસાબ...	૨,૬૬,૭૬,૦૪,૦૦૦/-
કુલ:-	**૨,૯૯,૦૯,૫૩,૦૦૦/-**

(૪) સન ૨૦૧૯ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષ દરમિયાન.

આ રકમો નીચે દર્શાવેલી છે:-	₹
(ક) મહેસૂલ હિસાબ...	૨૩,૯૪,૨૪,૩૩,૦૦૦/-
(ખ) મૂડી હિસાબ...	૦/-
કુલ:-	**૨૩,૯૪,૨૪,૩૩,૦૦૦/-**

તારીખ: ૧૭ મી માર્ચ, ૨૦૨૬. **કનુભાઈ દેસાઈ.**

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ગાંધીનગર, **કે. એમ. લાલા,**

તારીખ: ૧૭ મી માર્ચ, ૨૦૨૬. ગુજરાત સરકારના સચિવ,

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.04.24 20:05:25 IST